**રે.દિ.મુ. નં.૨૦૨/૨૦૧૭**

**દાખલ થયા તારીખ : ૨૫/૦૯/૨૦૧૭**
**રજીસ્ટરે લીધા તારીખ: ૨૫/૦૯/૨૦૧૭**
**ફેસલ થયા તારીખ : ૦૩/૦૮/૨૦૧૮**

**સમયગાળો : વર્ષ, માસ, દિવસ.**

**૦૦, ૧૦, ૦૯**

**દેવભુમિ દ્વારકા જીલ્લાના મે.એડી.સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.જામખંભાળીયા.**

**રે. દિવાની મુ. નં.૨૦૨/૨૦૧૭**

**આંક–**

**વાદી :** **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.**
**મારફતે :– નાયબ ઈજનેરશ્રી,**
**ટઉન પેટા વિભાગ,મુ.ખંભાળીયા**
**તા.ખંભાળીયા, જી. દેવભુમી દ્વારકા**

**વિરુધ્ધ.**

**પ્રતિવાદી :** **૧. આમદભાઈ મામદભાઈ સંઘાર**
**રહે.ગરબી ચોક પાછળ, શકિત એપાર્ટમેન્ટની પાછળ,**
**સરકારી ગોડાઉન પાસે, સ્ટેશન રોડ,ખંભાળીયા,**
**તા.ખંભાળીયા, જી. દેવભુમી દ્વારકા**

**દાવો : વીજ વપરાશની લેણી રકમ રૂા.૨૨,૫૪૭–૦૫ પૈ. વસુલ મળવા.**

---

**વાદી તરફે વિ. વ. શ્રી એન.જી.નકુમ**
**પ્રતિવાદી તરફે : —–––એકતરફી—––—**

---

**–: ચુ કા દો :–**

**(૧)** **આ કામના વાદી કાયદાથી રચાયેલી સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વિજળી વિતરણ અને વિસ્તરણની સેવાઓ આપે છે. પ્રતિવાદી ખંભાળીયા તાલુકાના ખંભાળીયા મુકામે રહે છે. વાદી વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને વાદીનાં કાયદેસરના ગ્રાહકો જે વિજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. હાલના પ્રતિવાદી વાદીના ગ્રાહક નથી.**

**(૧.૧)** **આ કામના પ્રતિવાદી ખંભાળીયા તાલુકાના ખંભાળીયાનાં રહીશ છે આ કામના પ્ર તિવાદીએ ઘર વપરાશના હેતુસર પાવર ચોરી કરી વીજ વપરાશ કરેલો. વાદી કંપનીના અધિકારી ધ્વારા તા.૦૨/૦૮/૧૬ ના રોજ વાદીના અધિકારી તથા સ્ટાફ વિગેરે પાવર ચોરી અંગે ચેકીગ કરતા પ્રતિવાદીએ તેમના મકાનની પાછળ આવેલા એલ.ટી.લાઈનના વિજ પોલ ઉપરથી પીળા કલરના સર્વિસ વાયર ધ્વારા બિન અધિકૃત રીતે પ્રતિવાદીએ તેમના ઘરમા વિજ વપરાશ કરતા કરતા પકડાયેલ. તે મુજબ સ્થળ ઉપર રોજકામ અને ચેકીંગસીટ ભરવામાં આવેલ છે. ૧૫ મીટર પીળા રંગનો સર્વિસ વાયર મુદામાલ કબજે કરવામાં આવેલ છે. જે વાદીની કચેરીમાં જમા થતા વાદી પોતાની કર્મચારી મારફતે અને વાદીના ધારા ધોરણ મુજબ ગણતરી કરેલ.**

**(૧.૨)** **આ કામના વાદી નિયમીત રીતે પોતાના હીસાબો નિભાવે છે અને હિસાબ માટેના નિભાવાતા લેઝરમાં બીનગ્રાહક તરીકે પ્રતિવાદીનું ખાતું નાંખી પ્ર તિવાદીએ વાપરેલ વીજળીનો વાદીના ધારા ધોરણ મુજબ હિસાબ કરી પ્રતિવાદીને વીજ વપરાશના રૂા.૧૫,૭૪૯/૯૧ નું બીલ આપેલ, પ્રતિવાદીને આ બીલ ભરવા માટે નોટીસ આપવામાં આવેલી છે અને તેની સાથે બીલ આપવામાં આવેલ છે. નોટીસ સામાવાળાને મળી ગયેલ/બજી ગયેલ હોવા છતાં વાદી કંપનીને રકમ ચુકવેલ નથી. વીજળી અધિનિયમ ૨૦૦૩ ની જોગવાઈઓ મુજબ પ્રતિવાદીઓ વિરુધ્ધ પો. સ્ટે. માં કલમ–૧૩૫ મુજબનો પી.જી.વી.સી.એલ. રાજકોટ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૦૪૧/૨૦૧૬ આ કામે પાવર ચોરી અંગેની ચેકીંગ રીપોર્ટ વગેરે કચેરીને મળતાં ગણતરી પત્રક તૈયાર કરી પ્રતિવાદીને પાવર ચોરીનું બીલ આપવામાં આવેલું છે, જે લેણી રકમ ન ભરતા હાલનો દાવો કરેલ છે. આ કામના**

**પ્રતિવાદીને આ કામના પ્રતિવાદીને તા.૨૨–૦૫–૧૭ નાણા ભરી જવા અંતિમ તાકીદ કરતી નોટીસ કરેલી છે તેમ છતાં પ્રતિવાદીએ પૈસા ભરવા દરકાર કરેલ નથી. આમ, વાદીના પાવર ચોરીના બાકી રોકાતા નાણા ઉપર વાર્ષિક ૧૮ ટકા વ્યાજની રકમ વસુલ લેવા હકકદાર છે.**

**(૧.૩) વાદી પોતાના કામકાજ દરમ્યાન નાણાકીય વહેવારો માટે નિયમીત હીસાબના ચોપડા નિભાવે છે અને વાદી લેઝરમાં પ્રતિવાદીનું ખાતું છે, અને વાદીનો સ્ટાફ નિયમિત હીસાબો રાખે છે, વાદીના હીસાબમાં પ્રતિવાદી પાસે રૂા.૨૨,૫૪૭/૦૫ પૈસા બાકી લેણા ઉભા છે, તમામ ધોરણસરની કાર્યવાહી કરવા છતા પ્ર તિવાદીએ નાણા ચુકવવા કોઈ દરકાર કરેલી નથી, આમ, વાદી બાકી રકમ, વિલંબીત ચાર્જ અને અન્ય ચાર્જ મેળવવા હકકદાર થયેલ છે તેવી વિસ્તૃત હકીકતો જણાવી આ કામના પ્રતિવાદી ધ્વારા થેપ્ટની રકમ ભરપાઈ ન કરતાં તેઓ કુલ રૂા.૨૨,૫૪૭/૦૫ પૈ. વસુલ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે અને તેની સાથો સાથ તેઓએ ડીલે પેમેન્ટના ચાર્જ ઉપર ૧૮ % વાર્ષિક વ્યાજ અપાવવા માટે પણ દાદ માંગેલ છે.**

**(૨) વાદી તરફે દાવો દાખલ થતાં સામાવાળાને દાવા સંબંધે નોટીસ ઈશ્યું કરવામાં આવેલ હતી. અદાલત ધ્વારા સામાવાળાને જે નોટીસ ઈશ્યુ કરવામાં આવેલી તે નોટીસ તેઓને બજી ગયેલ છે અને બેલીફ ધ્વારા તેઓની સહી લઈ નોટીસની બજવણી કરી હોવાનો રીપોર્ટ આંક–૫ ની નોટીસમાં કરેલ છે. પ્રતિવાદીને સદરહું નોટીસ બજી જતાં અદાલત સમક્ષ હાજર થયેલ નથી. ત્યારબાદ, પ્ર તિવાદીને પુરતી તથા વાજબી તક આપવા છતાં, જવાબ રજુ રાખેલ નથી કે પોતે અદાલત સમક્ષ હાજર થયેલ નથી. જેથી તા.૧૫/૦૬/૧૮ ના રોજ આંક–૧ નીચે પ્રતિવાદી સામે કાર્યવાહી એકતરફી ચલાવવાનો વિગતવારનો હુકમ કરવામાં આવેલ છે.**

**(૩) દાવામાં રજુ થયેલ પક્ષ નિવેદનો અને દસ્તાવેજી આધારોના આધારે આંક–૬ થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે.**

(1) Whether the plaintiff proves that defendant has committed power theft and the same was detected on the date of checking ?

(2) Whether the plaintiff proves that plaintiff is entitled to recover the amount as claimed from the defendant ?

(3) Whether the plaintiff proves that the supplementary bill issued to the defendant for power theft is just, proper and legal ?

(4) Whether the plaintiff proves that suit filed by plaintiff is brought within the period of limitation ?

(5) Whether the plaintiff proves that plaintiff is entitled to delay payment charges ?

(6) Whether the plaintiff is entitled to receive the suit amount with interest ? If yes then at what rate ?

(7) Whether the plaintiff proves that the plaintiff has filed suit after obtaining necessary permission from the competent authority ?

(8) What order and decree ?

**(૩.૧) વાદી તરફે રજુ થયેલ તેઓની દાવા અરજી, પુરાવાને ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.**

**(૧) હકારમાં,**

**(૨) હકારમાં,**

**(૩) હકારમાં,**

**(૪) હકારમાં,**

**(૫) હકારમાં,**

**(૬) અંશતઃહકારમાં આખરી હુકમ મુજબ,**

**(૭) હકારમાં,**

**(૮) આખરી હુકમ મુજબ,**

**(૪) વાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.**

| ક્રમ નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાજીદખાન યાસીનખાન પઠાણ(ના.ઈજનેર)નું પુરાવાનું સોગંદનામું, | ૦૮ |
| ૨. | દાવો દાખલ કરવા અંગેની એપ્રુવલ | ૧૦ |
| ૩. | પ્રર્ફોમા નં.૧૨ | ૧૧ |
| ૪. | તપાસણી અહેવાલ નં.૯૩૨૪ | ૧૨ |
| ૫. | સ્થળ રોજકામ | ૧૩ |
| ૬. | એનેક્ષર–૪ | ૧૪ |
| ૭. | પ્રતિવાદીને મોકલેલ સ્લીપ | ૧૫ |
| ૮. | પુરવણી બીલ ભરવાની નોટીસ | ૧૬ |
| ૯. | ગણતરી પત્રક | ૧૭ |
| ૧૦. | પુરવણી બીલ ભરવા અંગેની સ્લીપ | ૧૮ |
| ૧૧. | વ્યાજની ગણતરી દર્શાવતુ પત્રક | ૨૦ |
| ૧૨. | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસ | ૨૧ |
| ૧૩. | નોટીસ મળ્યા અંગેની સ્લીપ | ૨૨ |
| ૧૪. | એફ.આઈ.આર. રજી.નં.૧૧૦૪૧/૧૬ | ૨૩ |

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧ થી ૮ :**

**(૫)** આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ થી ૮ ની હકીકત વંચાણે લેતાં પરસ્પર સંકળાયેલી હોય તેના કારણોની એકીસાથે નોંધ કરવામાં આવેલી છે.

**(૫.૧)** આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ થી ૮ ની હકીકત વંચાણે લેતાં તમામ મુદ્દાઓ પુરવાર કરવાની જવાબદારી વાદી કંપનીની છે.

**(૫.૨)** આ કામમાં વાદીની દાવા અરજી, વાદી પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને લ ેખિત પુરાવાની હકીકતો અને વાદીના વિ.વ.શ્રીની રજુઆતને ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**(૫.૩)** આ કામમાં વાદી પક્ષે સાહેદ નં.૧ સાજીદખાન યાસીનખાન પઠાણ,નાયબ ઈજનેરનું સરતપાસનું સોગંદનામું આંક–૮ થી રજુ થયેલ છે, સાહેદના મૌખિક પુરાવાની હકીકતો વંચાણે લેતાં દાવા અરજીની હકીકતને સમર્થનકારક પુરાવો રજુ કરેલો છે તેમજ વાદી પક્ષે આંક–૧૦ થી આંક–૨૩ સુધીનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**(૫.૪)** આ કામમાં વાદી પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં, વાદી કંપનીના અધિકારીઓએ અને કર્મચારીઓએ પ્ર તિવાદીને ત્યાં વીજ ચેકીંગ કરેલાની હકીકત અને ચેકીંગ દરમ્યાન અનઅધિકૃત વિજ વપરાશ થતો હોવાની હકીકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર થયેલ છે.

**(૫.૫)** આ કામમાં વાદી પક્ષ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લ ેતાં, ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરીઅન પ્ર તિવાદીને સપ્લીમેન્ટરી બીલ ઈશ્યુ કરવામાં આવેલું છે, જેની રકમ વસુલ ન આપતાં વાદી પક્ષ તરફથી આ નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પણ રકમ વસુલ આપેલ નથી જે હકીકત ફલિત થાય છે. વાદીના ઉપરોકત રહેણાંક ઉપરના પુરાવાને પ્રતિવાદી તરફે હાજર થઈ ચેલેન્જ કરવામાં આવેલ નથી કે, કોઈપણ રીતે પડકારેલ નથી. પ્રતિવાદી પોતે ગ્રાહક ન હોવા છતા આ બિન

**અધિકૃત રીતે વીજચોરી કર્યા બાબતે વાદીના પુરાવાને પડકારેલ નથી, જેથી વાદીનો પુરાવો Uncontroverted અને Unchallenged રહેલ છે.**

**(૫.૬)** **આ કામમાં વાદી પક્ષે પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૨૨,૫૪૭/૦૫ પૈ. વસુલ મેળવવા માટે હાલનો દાવો રજુ કરેલો છે. આ કામમાં આંક–૧૬ થી સ પ્લીમેન્ટરી બીલનો દસ્તાવેજી રજુ થયેલો છે, જેની હકીકતો વંચાણે લેતાં, કુલ રૂા.૨૨,૫૪૭/૦૫ પૈ. હોવાનું ફલિત થાય છે, આ સંજોગોમાં વાદી પ્રતિવાદી પાસેથી સપ્લીમેન્ટરી બીલ મુજબની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે.**

**(૬)** **આ કામમાં વાદી પક્ષ તરફથી વાર્ષિક ૧૮ % વ્યાજની માંગણી કરવામાં આવેલી છે, આ કામમાં વાદી પક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં, વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ/વિલંબિત ચાર્જ અંગે કોઈ કરાર થયેલો હોય તે અંગે પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલો નથી, આ સંજોગોમાં સી. પી. સી. કલમ–૩૪ ની હકીકતો ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે. આ કામમાં વાદીની કાયદેસરની લેણી રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ નથી, એ સંજોગોમાં વાદી દાવો દાખલ કરેલ ત્યારથી હુકમનામાની રકમ વસુલ મળતાં સુધી પ્રવર્તમાન વ્યાજના દર ધ્યાનમાં લેતાં વાર્ષિક ૮.૫ % લ ેખે હુકમનામાની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે.**

**(૭)** **આ કામમાં વાદીના દાવાની હકીકત, રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં વાદીનો દાવો સમયમર્યાદામાં હોવાનું ફલિત થાય છે અને દાવો સક્ષમ ઓથોરીટીની મજુંરી મેળવ્યા બાદ દાખલ કરેલ હોવાનું ફલીત થાય છે.**

**(૮)** **આ કામમાં રેકર્ડ વંચાણે લેતાં, પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ હોવા છતાં જવાબ રજુ રાખેલ નથી અને આંક–૧ નીચે પ્રતિવાદી સામે કાર્યવાહી એકતરફી ચલાવવાનો વિગતવારોનો હુકમ કરવામાં આવેલ છે., આ સંજોગોમાં વાદી પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની વિરુધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય, આ તમામ હકીકત અને સંજોગોને ધ્યાનમા લેતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.**

**-: હુ ક મ :-**

(૧) વાદીનો દાવો અંશતઃમંજુર કરવામાં આવે છે.

(૨) વાદી દાવામાં દર્શાવેલ બાકી લેણી રકમ **રૂા.૨૨,૫૪૭/૦૫ (અંકે રૂપીયા બાવીસ હજાર પાંચસો સુળતાલીસ પાંચ પૈસા પુરા) ૮.૫ ટકાના** વાર્ષિક વ્યાજ સાથે દાવો દાખલ કર્યાની તારીખથી લેણી રકમ ચુકવાય ત્યાં સુધીના સમય માટે પ્રતિવાદીની જાત તથા મિલ્કતમાંથી વસુલ મેળવવા પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમ કરવામાં આવે છે.

(૩) વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું, પ્રતિવાદીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) આ હુકમ મુજબનું હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૩ મી માહે ઓગષ્ટ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ખંભાળીયા.
તા.૦૩/૦૮/૨૦૧૮

**(શ્રીમતિ એસ. એન. સોલંકી)**
એડીશનલ સેશન્સ જજ,
દેવભુમિ દવારકા, મુ. ખંભાળીયા
**કોડ નં.જીજે ૦૦૬૨૩**